# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL SINCE 1969 · 1969 to 2029

**India's National Spiritual Newspaper** ₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 JULY | NO: 05


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

### ગીતશાસ્ત્ર ૩: ૧ થી ૮

૧. હે યહોવા, મારા વેરીઓ કેટલા બધા વધી ગયા છે! મારી સામે ઊઠનારા છે.

૨. મારા જીવ વિષે ઘણા કહે છે કે, તેને દેવ તારશે નહિ.

૩. પણ, હે યહોવા, તું મારી આસપાસ ઢાલરૂપ છે; તું મારું ગૌરવ તથા મારું માથું ઊંચું કરનાર છે.

૪. હું મારી વાણીથી યહોવાને વિનંતી કરું છું, ત્યારે તે પોતાના પવિત્ર પર્વત પરથી મને ઉત્તર આપે છે.

૫. હું સૂઈને ઊંઘી ગયો; હું જાગ્યો; કેમ કે યહોવા મારું રક્ષણ કરે છે.

૬. જે હજારો લોકોએ મને ઘેરો ઘાલ્યો છે; તેઓથી હું બીશ નહિ.

૭. યહોવા, ઊઠ; હે મારા દેવ, મારું તારણ કર; કેમ કે તેં મારા સર્વ શત્રુઓનાં જડબાં પર પ્રહાર કર્યો છે; તે દુષ્ટોના દાંત ભાંગી નાખ્યા છે.

૮. યહોવાની પાસે તારણ છે; તારા લોક પર તારો આશીર્વાદ આવો.

# આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમે જે જોઈ શકો છો તેનાથી આગળ કામ કરી શકે છે!!

## Our Lord Jesus Christ Can Work Beyond What You Can See!

– બહેન એન્જલ



**ઈકો ઓફ હીજ કોલની મિનિસ્ટ્રીજના** આપણા સઘળાં વિસ્તૃત પરિવારને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં સલામ. તેમની કૃપા દ્વારા, ઈશ્વરે વિશ્વાસપૂર્વક આપણને ૨૦૨૬ના બીજા ભાગમાં પ્રવેશ કરવા માટે સક્ષમ બનાવ્યા છે. હું પ્રાર્થના કરું છું કે તેમની શાંતિ, દિલાસો, ભરપૂર કૃપા અને અનુગ્રહ તમારામાંના દરેક પર રહો.


એફેસીઓને પત્ર ૩:૨૦ હંમેશા બાઈબલમાંની મારી પ્રિય કલમોમાંની એક રહી છેઃ

**''હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારુ પુષ્કળ કરી શકે છે.''**

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત એટલા સામર્થ્યવાન છે કે તેઓ આપણી બધી અપેક્ષાઓથી વધુ કરી શકે છે. આપણે જે જોઈ શકતા નથી અથવા કલ્પના પણ કરી શકતા નથી તે સિદ્ધ કરવામાં તેઓ સમર્થ છે. તેઓ આપણી વિરુદ્ધ કામ કરતી હોય તેવી પરિસ્થિતિઓને આપણી તરફેણમાં, આશીર્વાદોમાં ફેરવી શકે છે. હું કદાચ જાણતી નથી કે તમે છેલ્લા મહિનાઓ કેવી રીતે વિતાવ્યા હશે, પણ હું તમને ખાતરી આપવા માંગુ છું કે ઈસુ ખ્રિસ્ત એટલા સામર્થ્યવાન છે કે તેઓ સારા માટે સર્વ બાબતોને એકસાથે કામ કરવા માટે સમર્થ છે – તે બાબતો પણ જેના કારણે તમે રાત્રીઓ ઊંઘ વિના પસાર કરી હશે.

(અનુસંધાન પાન ૩ પર)


ઈકો ઓફ હીજ કોલ



ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!

દરરોજ બે મિનિટનો સંદેશો

પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!

અંગ્રેજી, હિન્દી ભાષામાં – સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં – સવારે ૨.૦૦ વાગે

અને

તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબ્સ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

ECHO OF HIS CALL - (Marching towards 60th year)
Estd. 1969

## *from your dearly beloved brother...*



### "તેં મારા વિલાપને બદલે મને નૃત્ય આપ્યું છે." – ગીતશાસ્ત્ર ૩૦:૧૧.



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.
EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં તમને શુભેચ્છાઓ!

**ઈસુ ખ્રિસ્તે પોતે ભવિષ્યવાણી કરી હતી કે લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા સાંભળવામાં આવશે, સંઘર્ષો, દુકાળો, મરકીઓ, ધરતીકંપ થશે, વિશ્વાસીઓની સતાવણી થશે, હત્યાઓ, ઈર્ષ્યા, ખોટા પ્રબોધકો અને વધતા જતા અન્યાય એ અંતિમ સમયની નિશાની હશે.** (માથ્થી ૨૪:૩-૧૨). જ્યારે આપણે આજની દુનિયામાં પ્રગટ થતી આ ઘટનાઓના સાક્ષી થઈએ છીએ, ત્યારે આપણને સમયની તાકીદની યાદ અપાય છે.

તેથી, જ્યારે આપણી પાસે હજી તક છે, ત્યારે આવો આપણે શાસ્ત્રના ઉપદેશનું વિશ્વાસપૂર્વક પાલન કરીએ:

**"તું સુવાર્તા પ્રગટ કર; અનુકુળ તથા પ્રતિકુળ પ્રસંગે તત્પર રહે; સંપૂણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ, ધમકાવ તથા ઉત્તેજન આપ."** - ૨ તિમોથીને પત્ર ૪:૨

આપણે આ દૈવી જવાબદારીનું ધ્યાન રાખવું જ જોઈએ.

ઈશ્વરની કૃપાથી, અમે અમારી સર્વ મિનિસ્ટ્રીઓમાં તેમના પુષ્કળ આશીર્વાદોનો અનુભવ કરવાનું ચાલુ રાખી રહ્યા છીએ. ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે એક સાથે આટલી બધી મિનિસ્ટ્રીઓ સંભાળવી કેવી રીતે શક્ય છે. તેમ છતાં, ઈશ્વર દ્વારા આપવામાં આવેલા સામર્થ્ય અને કૃપાથી, અમે કોઈપણ જવાબદારીની ઉપેક્ષા કર્યા વિના અમને સોંપવામાં આવેલ દરેક મિનિસ્ટ્રીની જવાબદારીને પરિપૂર્ણ કરવા સક્ષમ થયા છીએ. સર્વ માન મહિમા ફક્ત તેમને જ હો!

અમને જણાવતા આનંદ થાય છે કે, ઈશ્વરની કૃપાથી, **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** અને ચેપોક અને સંતોષપુરમ ખાતેની **નહેમ્યા બાઈબલ કોલેજોના** તામિલ વર્ગો ૧લી જૂને અને હિન્દી વર્ગો ૬થી જુલાઈએ ફરી ઉઘાડવામાં આવશે. આ ઉપરાંત, **નહેમ્યા બાઈબલ કોલેજોનો** પદવીદાન સમારોહ ૪મી જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજવામાં આવશે.

જો કે આપણે ઘણી વાર અપાર જવાબદારીઓ અને ભારે કામના બોજથી દબાયેલા હોઈએ છીએ, તેમ છતાં, આપણી ફરજો સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા માટે, નિભાવવા માટે ઈશ્વર આપણને સામર્થ્યવાન કરતા જ રહે છે.

આ મિનિસ્ટ્રીઓને અસરકારક રીતે આગળ લઈ જવા માટે, અમને સ્વપનશીલ, વિશ્વાસુ અને સમર્પિત કાર્યકરોની જરૂર છે. અમે અંગ્રેજી અને હિન્દી ભાષામાં નિપુણ મદદનીશ આચાર્યો, શિક્ષકો, સંચાલકો, સચિવો, કાર્યાલય કર્મચારીઓ, છાપખાનું ચલાવનારા પ્રિન્ટિંગ કાર્યકરો, કાર્યાલય સહાયકો, હાઉસકીપિંગ કર્મચારીઓ, મહિલા રસોઈયા, સુરક્ષા કર્મચારીઓ, ડ્રાઈવરો અને પાળકોને સેવાકાર્યના ખાસ તેડાં સાથે પ્રાર્થનાઓ સહિત અરજીઓ કરવા માટે આમંત્રિત કરીએ છીએ.

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ▫ BIBLECOR - Postal Courses (3 languages) ▫ Media Ministry ▫ Online Courses ▫ Theological Correspondence Courses (2 languages) ▫ Church Planting ▫ Nehemiah Bible Colleges ▫ Gospel Printing Press ▫ Great Commission Partners ▫ St. Paul's Matriculation School ▫ Crusades ▫ Community Development

અમે પ્રભુ પૂરા પાડે તેવા નિષ્ઠાવાન અને સક્ષમ વ્યક્તિઓની ભરતી કરવા અને તેમને ટેકો આપવા માટે તૈયાર છીએ. કૃપા કરીને પ્રાર્થના કરશો કે ઈશ્વર તેમના કાર્ય માટે યોગ્ય લોકોને ઉભા કરે.

**''ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે.''** - માથ્થી ૯:૩૭-૩૮.

પદવીદાન સમારોહ અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ વિશે ચર્ચા કરવા ૧૬-૦૫-૨૦૨૬ના રોજ નહેમ્યા બાઈબલ કોલેજની ફેકલ્ટીની સભા યોજાઈ હતી.



*તારીખ ૦૪-૦૭-૨૦૨૬ના રોજ નહેમ્યા બાઈબલ કોલેજોમાંથી પદવી પ્રાપ્ત કરનાર કેટલાક વિદ્યાર્થીઓ*

અમે નમ્રતાપૂર્વક તમારી અવિરત પ્રાર્થનાઓ અને ટેકા માટે વિનંતી કરીએ છીએ કેમ કે અમે વિશ્વાસુપણે, ખંતપૂર્વક અને પ્રભુના ભય સાથે ઈશ્વરની સેવા કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

કૃપા કરીને તમારા માટે અને તમારા પરિવારો માટેની અમારી પ્રાર્થનાઓની ખાતરી રાખો, કે તમારી સર્વ જરૂરિયાતો તેમના મહિમાની સંપત પ્રમાણે પૂરી થઈ શકે.

**ઈશ્વરની કૃપા તમ સર્વની સાથે હો. આમીન!**

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

હાગ્ગાયના પુસ્તક ૨:૬માં, આપણે વાંચીએ છીએ:

**કેમ કે સૈન્યોના ઈશ્વર યહોવા પ્રભુ આમ કહે છે: ''હજી એક વાર થોડી મુદત પછી હું આકાશોને, પૃથ્વીને, સમુદ્રને તેમ જ કોરી ભૂમિને હલાવીશ.''**

ઈશ્વર તેમના હેતુઓને પાર પાડવા માટે આકાશોને તથા પૃથ્વીને હલાવવા સમર્થ છે. શું તમે કલ્પના કરી શકો છો? સૃષ્ટિના ઉત્પન્નકર્તા તમારી અને મારી તરફેણમાં સર્વ વસ્તુઓને ખસેડી શકે છે!



*હજી એક વાર થોડી મુદત પછી હું આકાશોને, પૃથ્વીને, સમુદ્રને તેમ જ કોરી ભૂમિને હલાવીશ...*

વહાલા ભાઈઓ અને બહેનો, શેતાન ઘણીવાર આપણા જીવનોમાં ઈશ્વરના તેડાંને પરિપૂર્ણ કરવાથી આપણને વિચલિત કરે છે. તે આપણું ધ્યાન ગુમાવવાનું કારણ બને છે અને નજીવી બાબતો તરફ આપણું ધ્યાન દોરે છે. તે આ કેવી રીતે કરે છે? સમસ્યાઓ રજૂ કરીને - આંતરિક અને બાહ્ય, બંને રીતે.

જ્યારે ઈશ્વર આપણને બાહ્ય લડાઈઓનો સામનો કરવા માટે તેડે છે, ત્યારે દુશ્મન આંતરિક રીતે આપણા પરિવારોમાં અને મંડળીની અંદર, વિક્ષેપો ઊભા કરે છે, જેથી આપણે ધ્યાન ગુમાવી દઈએ. બહારની આગ હોલવવાને બદલે, આપણે આપણી જાતને આપણા પોતાના ઘરની અંદર આગ સામે લડતા જોઈએ છીએ. તે આપણને આપણા પોતાના કુટુંબના સભ્યો અથવા સાથી વિશ્વાસીઓને દુશ્મન તરીકે જોવામાં છેતરે છે, જ્યારે વાસ્તવિક દુશ્મન બહાર ફરતા ગાજનાર સિંહની જેમ રાહ જુએ છે.

એઝરાનું પુસ્તક અને હાગ્ગાયનું પુસ્તક, બન્ને દર્શાવે છે કે, કેવી રીતે ઈસ્રાએલીઓને, તેમની ૭૦ વર્ષોની ગુલામી પછી, ઈશ્વરની

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**




જ્યારે ઈશ્વર આપણને બાહ્ય લડાઈઓનો સામનો કરવા માટે તેડે છે, ત્યારે દુશ્મન આંતરિક રીતે...વિક્ષેપો ઊભા કરે છે

ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે આંતરિક અને બાહ્ય બંને પડકારોને પાર કરવા પડ્યા હતા. આ સંઘર્ષો દ્વારા, તેઓએ ઈશ્વરને તેમની અપેક્ષાઓથી વધુ કામ કરતા જોયા હતા.

*બાહ્ય પડકારો (એઝરા અધ્યાય ૫)*

મંદિરના પુનઃબાંધકામ દરમિયાન લોકોએ તીવ્ર બાહ્ય દબાણનો સામનો કરવો પડ્યો હતોઃ

- સતતની ફરિયાદો અને વિરોધ.
- પડોશી સત્તાધારીઓ દ્વારા તેમની સત્તા અંગે કર્કશ વૃત્તિ જેવી પૂછપરછ.
- રાજકીય ચકાસણી, તપાસ, દાર્યાવશ રાજાએ કોરેશ રાજાના હુકમનામાની તપાસ કરી હતી.



મંદિરના પુનઃબાંધકામ દરમિયાન લોકોએ તીવ્ર બાહ્ય દબાણનો સામનો કરવો પડ્યો હતો

*આંતરિક પડકારો(હાગ્ગાય)*

તે જ સમયે, તેઓએ આંતરિક સંઘર્ષનો સામનો કર્યો હતોઃ

- આગલા મંદિર સાથેની સતતની સરખામણી.
- પરિણામ નિરાશા, ડરમાં અને હતોત્સાહમાં.



રાજકીય ચકાસણી, તપાસ, દાર્યાવશ રાજાએ કોરેશ રાજાના હુકમનામાની તપાસ કરી હતી

શું આ પરિચિત લાગે છે?

- જ્યારે આપણે ઈશ્વરની નજીક જવા માટે એક પગલું ભરીએ છીએ
- જ્યારે આપણે તેમને પ્રસન્ન એવું જીવન જીવવાનું પસંદ કરીએ છીએ
- જ્યારે આપણે આપણા જીવનો માટેના તેમના તેડાંને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ

શું આપણે આવા જ આંતરિક અને બાહ્ય દબાણોનો સામનો કરી રહ્યા નથી?


આ વિક્ષેપો છતાં આપણામાંથી કેટલા આગળ વધ્યા છે? અને કેટલાએ આપણા ઈશ્વરે આપેલા સ્વપ્નોને અને તેડાંને છોડી દીધા છે?

ઈશ્વર આજે આપણને યાદ અપાવે છેઃ આપણે એવા ઈશ્વરની સેવા કરીએ છીએ જેઓ આપણા જીવનોમાં તેમના હેતુને પરિપૂર્ણ કરવા માટે આખા જગતને હલાવી શકે છે. પ્રશ્ન એ છે – શું આપણે તૈયાર છીએ?

## ૧. આંતરિક રીતે સામનો કરવાના પડકારો!

જ્યારે ઈસ્રાએલીઓએ મંદિરનું પુનઃબાંધકામ કરવાનું શરૂ કર્યું હતું, ત્યારે તેઓ સરખામણીની ભાવના સાથે સંઘર્ષ કરી રહ્યા હતા. આ એવી બાબત છે જેનો આપણે બધા સામનો કરીએ છીએ, વય, જાત અથવા રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વિના – ઘણી વાર તેને સમજ્યા વિના.

આપણે આપણા જીવનોની સરખામણી અન્ય લોકો સાથે કરીએ છીએઃ આપણા ઘરો, વાહનો, નોકરીઓ, પગારો, જીવનસાથીઓ, શિક્ષણ, બાળકો – આપણા સેવાકાર્ય અને તેડાં વિશે પણ. આમ કરવાથી, આપણે એ ઓળખવામાં નિષ્ફળ જઈએ છીએ કે ઈશ્વરે તેમની દૈવી યોજનાના ભાગરૂપે આપણામાંના દરેકને કેવા અનન્ય રીતે બનાવ્યા છે.



આપણે આપણા જીવનોની સરખામણી અન્ય લોકો સાથે કરીએ છીએ

બહારના દુશ્મનોનો સામનો કરતા પહેલા, ઈસ્રાએલીઓએ પોતાની જાતની અંદરની લડાઈનો સામનો કરવો પડ્યો હતો. તેમના કામ અને ઈશ્વરે તેમના માટે શું કર્યું છે તે બંનેને ઓછો અંદાજ લગાવીને, તેઓએ નવા મંદિરની સરખામણી આગલા મંદિર સાથે કરી હતી – તેમને બંદીવાસમાંથી પાછા લાવીને અને કોરેશ અને દાર્યાવશ જેવા મૂર્તિપૂજક રાજાઓ સાથે તેમની તરફેણ કરાવીને. આના કારણે તેઓ ઈશ્વરના અદ્ભુત કાર્યોને ભૂલી ગયા હતા. જ્યારે આપણે સરખામણી કરીએ છીએ, ત્યારે આપણે કૃતઘ્ન બની જઈએ છીએ. આ નિરાશા, હતાશા અને ભાવનાત્મક તકલીફ તરફ દોરી લઈ જાય છે.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝંપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જુલાઈ ૨૦૨૬ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જુલાઈ ૧૯ :** અમારા સંપાદકો અને તેમના પરિવારના સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૦ :** અમારા મુખ્ય ચર્ચમાં વધુ નવા વિશ્વાસીઓને ઉમેરવા માટે.

**જુલાઈ ૨૧ :** આપણી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોના** અભ્યાસક્રમો માટે નવા વિદ્યાર્થીઓ મેળવવામાં અમને કૃપાળુ રીતે સહાય કરવા માટે.

**જુલાઈ ૨૨ :** આપણા **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીને** આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૨૩ :** અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તાનો પ્રચાર કરવામાં સક્ષમ કરવા માટે.

**જુલાઈ ૨૪ :** આપણા મિશનના કાર્યકરો દ્વારા બતાવવામાં આવેલી મોટી પ્રતિબદ્ધતાને માટે.

**જુલાઈ ૨૫ :** ૧૯૬૯થી ચાલતી સામયિક મિનિસ્ટ્રી પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

**જુલાઈ ૨૬ :** બાલાજી નગર, સંથોષપુરમ અને વેલાચેરીમાંની આપણી રવિવારની ભજનસેવાઓમાં હાજરી આપતા નવા વિશ્વાસીઓને માટે.

**જુલાઈ ૨૭ :** આપણી **યૂટ્યુબ મિનિસ્ટ્રીને** આશીર્વાદિત કરવા માટે, ખાસ કરીને ૫ મિનિટના સંદેશાઓને વણખેડાયેલા લોકો સુધી પહોંચાડવા માટે.

**જુલાઈ ૨૮ :** આપણા સુવાર્તા છાપખાના માટે અને તેના કાર્યક્ષમ કર્મચારીઓ દ્વારા તેના અવિરત સંચાલનને માટે.

**જુલાઈ ૨૯ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજો** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** ની સર્વ પ્રવૃત્તિઓને માટે.

**જુલાઈ ૩૦ :** આપણા રાજ્ય કોઓર્ડિનેટરોને અને તેમની સંગતને આશીર્વાદિત કરવા માટે.

**જુલાઈ ૩૧ :** આપણા દેશોને સુરક્ષિત રાખવા માટે.

**ઓગસ્ટ ૦૧:** વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબ પરના ભરપૂર આશીર્વાદોને માટે.

**ઓગસ્ટ ૦૨:** આપણા સમર્થકોની પ્રાર્થનાઓને અને વિશ્વાસુ સહાયતાને આશીર્વાદિત કરવા માટે.

**ઓગસ્ટ ૦૩:** આપણા કર્મચારીઓના પરિવારો પર વરસાવેલા તેમના આશીર્વાદોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ઓગસ્ટ ૦૪:** વણખેડાયેલા વિસ્તારોમાં અમને સુવાર્તાનો ફેલાવો કરવામાં સામર્થ્યવાન કરવા માટે.

**ઓગસ્ટ ૦૫:** સર્વ ધર્મના લોકોમાં એકતા અને સંવાદિતાને માટે.

**ઓગસ્ટ ૦૬:** ઈશ્વરની આગળ સર્વ દેશોની મધ્યે પ્રામાણિકતા જળવાઈ રહે તે માટે.

**ઓગસ્ટ ૦૭:** વિશ્વભરમાં શાંતિ પ્રવર્તે તે માટે.

**ઓગસ્ટ ૦૮:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને મિનિસ્ટ્રીઓને માટે.

**ઓગસ્ટ ૦૯:** અમે મિનિસ્ટ્રીની સેવાના ૫૮મા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે ઈશ્વરના આશીર્વાદોને માટે.

**ઓગસ્ટ ૧૦:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજની યોજનાઓ પર ઈશ્વરની દોરવણી અને આશીર્વાદને માટે.

**ઓગસ્ટ ૧૧:** અમારા મિશન ક્ષેત્રોમાં કાર્ય કરતા કર્મચારીઓને માટે.

**ઓગસ્ટ ૧૨:** આપણા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા આપવા માટે.

**ઓગસ્ટ ૧૩:** રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત આવે તે માટે.

**ઓગસ્ટ ૧૪:** સંપૂર્ણ વિશ્વભરમાં કાયમી શાંતિ સ્થપાય તે માટે.

**ઓગસ્ટ ૧૫:** આપણા કો-ઓર્ડિનેટરો અને પાળકોને નવું સામર્થ્ય અને પ્રોત્સાહન મળે તે માટે.

**ઓગસ્ટ ૧૬:** શેતાનના દુષ્ટ કાર્યો જે પરિવારોને વિભાજીત કરવા માંગે છે, તેના વિનાશને માટે.

**ઓગસ્ટ ૧૭:** **વેકેશન બાઈબલ સ્કૂલ (VBS)** દરમિયાન સેંકડો બાળકોએ ઈસુ ખ્રિસ્તના પ્રેમને સ્પર્શ કર્યો હતો, જેથી તેઓ પ્રભુમાં દ્રઢ રહી શકે અને વિશ્વાસપૂર્વક ચર્ચમાં હાજરી આપી શકે.

**ઓગસ્ટ ૧૮:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબને ઈશ્વર અવિરતપણે સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખે તે માટે.

(પાન ૪ થી આગળ...)

**"આ મંદિરનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઈ તમારામાં જીવતો રહ્યો છે? અને હાલ તમે તેને કેવી હાલતમાં જુઓ છો?"** (હાગ્ગાય ૨:૩)

- નવું મંદિર નાનું દેખાતું હતું



*આ મંદિરનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઈ તમારામાં જીવતો રહ્યો છે?*

- સંસાધનો મર્યાદિત હતાં.
- સુલેમાનના મંદિરની ભવ્યતાએ તેમના વર્તમાન કાર્યને ઢાંકી દીધું હતું
- એક સમયે ખંડેર થયેલા મંદિરને લોકો ફરીથી બાંધી રહ્યા હતા.

***બાઈબલ કહે છે તેઓએ બે અવાજો સાંભળ્યા હતા:***

૧. જેમણે પ્રથમનું મંદિર જોયું હતું તેમનો અવાજ - દુઃખ અને વિલાપનું રુદન કેમ કે તેઓએ વર્તમાન માળખાની સરખામણી વર્ષો પહેલા જોયેલી ભવ્યતા સાથે કરી હતી.

૨. હાલની પેઢીનો અવાજ, જેઓ તેમની અદ્ભુત સિદ્ધિ પર હર્ષના આવેશથી, આનંદથી પોકારી રહ્યા હતા. જો કે પછીનાઓની સંખ્યા અગાઉનાઓની સંખ્યા કરતાં વધી ગઈ હશે, તે વિલાપનો અવાજ હતો જે વધુ સ્પષ્ટપણે ગુંજતો હતો.

તેમ છતાં, નિરાશાનો અવાજ વધુ ઊંચો હતો.

જો કે, એઝરાના પુસ્તકનો દ્દઠો અધ્યાય એક ઊંડું સત્ય દર્શાવે છેઃ - પ્રથમના મંદિરમાં સુલેમાનની સંપત્તિ હતી, પણ આ મંદિરને માટે ઈશ્વરનો મોટો હેતુ હતો.

- મૂર્તિપૂજક રાજાઓ તરફથી અણધારી જોગવાઈ આવી હતી.
- કાર્ય દૈવી સત્તા હેઠળ પૂર્ણ થયું હતું.
- રાજા દ્વારા રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું.
- ભક્તિ, ઉપાસના પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.
- શાંતિ અને સ્થિરતા પાછી આવી હતી.

**સૈન્યોના ઈશ્વર યહોવા પ્રભુ કહે છે કે, "આ મંદિરનું પાછળનું ગૌરવ આગલાના કરતાં વિશેષ થશે...."** હાગ્ગાય ૨:૯.



*સૈન્યોના ઈશ્વર યહોવા પ્રભુ કહે છે કે, "આ મંદિરનું પાછળનું ગૌરવ આગલાના કરતાં વિશેષ થશે*

આ મોટો મહિમા કદ અથવા સોના વિશે ન હતો. તે વિશે એ હતોઃ

- પ્રતિકૂળતામાં ઈશ્વરનું વિશ્વાસુપણું.
- નમ્ર અને આજ્ઞાકારી લોકોની મધ્યે તેમની હાજરી.
- અને સૌથી અગત્યનું, હકીકત એ છે કે ઈસુ ખ્રિસ્ત પોતે પાછળથી આ મંદિરની મુલાકાત લેવાના હતા.

સરખામણીએ તેઓને ઈશ્વરના કાર્યની કદર કરવાથી અંધ કરી દીધા હતા - પણ ઈશ્વરે તેમની દયામાં, તેમને ઊંચા ઉઠાવવા માટે યોગ્ય સમયે પ્રોત્સાહન મોકલ્યું હતું.

**બળવાન થા!**

***હાગ્ગાય ૨:૪માં, ઈશ્વર પ્રબોધક મારફતે બોલ્યા હતા:***

**તોપણ હવે, હે ઝરુબ્બાબેલ...**

**બળવાન થા; હે યહોસાદાકના દીકરા યહોશુઆ, પ્રમુખ યાજક....**

**બળવાન થઈને કામે લાગો... કેમ કે હું તમારી સાથે છું.**

ત્રણ વખત, ઈશ્વરે સામર્થ્યને માટે આજ્ઞા આપી હતી - તેઓને તેમની હાજરીની ખાતરી આપી હતી -- **"મારો આત્મા તમારામાં રહે છે; તમે બીહો મા."** હાગ્ગાય ૨:૫.

આજે, ઈશ્વર કહે છેઃ બળવાન થાઓ. તમે જ્યાંથી પણ જઈ રહ્યા હો, હું તમારી સાથે છું.

- **આ જ વચનની ખાતરી હતી જે યહોશુઆને આપવામાં આવી હતી**

(...પાન ૯ પર આગળ...)

**નહેમ્યા બાઈબલ કોલેજો**
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (અર્ધ સમય માટે)
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપુરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચોઃ સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. કુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - આંગ્લ અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપુરમ)

૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે
૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે
૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે
૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે
૧૮. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે
૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે
૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પુરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં- ૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશો!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| Account Name | : ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : 1023 2923 805 |
| Bank Name | : STATE BANK OF INDIA |
| Branch | : TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : SBIN 0000249 |
| SWIFT Code | : SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## આપણને આપણી મંડળીઓમાં આવા મજબૂત સ્તંભોની જરૂર છે!

**"જે જીતે છે તેને હું મારા ઈશ્વરના મંદિરમાં સ્તંભ કરીશ."**
**– પ્રકટીકરણ ૩:૧૨.**



મારા જુવાનીના દિવસો દરમિયાન, હું ચેન્નાઈમાં એપોસ્ટોલિક ક્રિશ્ચિયન એસેમ્બલી ચર્ચમાં મજબૂત રીતે જોડાયેલો હતો, જેના સ્વર્ગસ્થ પાસ્ટર જી. સુંદરમ પાળક તરીકે સેવા આપતા હતા. તેઓ એક મજબૂત આત્મિક આગેવાન હતા, જેમણે તેમના ધાર્મિક જીવન, સામર્થ્યવાન ઉપદેશ અને વિશ્વાસુ તાલીમ દ્વારા, ઈશ્વરના રાજ્ય માટે હજારો સેવકોને ઉભા કર્યા હતા. તેમની પાસે અસાધારણ યાદશક્તિ પણ હતી અને તેઓ રવિવારની ભજનસેવામાં વિશ્વાસપૂર્વક હાજરી આપનાર અને ગેરહાજર રહેલા લોકોને સરળતાથી ઓળખી શકતા હતા.

તેમના નેતૃત્વ હેઠળના કાર્ય કરનારા ઘણા વિશ્વાસુ કાર્યકરોમાં ઈશ્વરના ત્રણ નોંધપાત્ર માણસો હતાઃ સ્વર્ગસ્થ ભાઈ. ટી. સેલ્વરાજ, જેઓ રાજ્ય સરકારના કર્મચારી હતા; સ્વર્ગસ્થ ભાઈ વિક્ટર સ્વામીદોસ જેઓ રેલ્વે વિભાગમાં કામ કરતા હતા; અને



કોર્લી હાઈસ્કૂલના સ્વર્ગસ્થ ભાઈ. એલ. એમ. જેયામોહન, જેઓ જયાકુમાર તરીકે પણ ઓળખાતા હતા.

ઘણા જુવાનોની જેમ, એવા પ્રસંગો હતા જ્યારે હું મારી સરકારી ફરજોને કારણે ચર્ચની સેવાઓમાં હાજર રહી શક્યો ન હતો. આવા સમયે, ઈશ્વરના આ સમર્પિત સેવકો પોલીસ અધિકારીઓની તકેદારી સાથે અથાક રીતે મારો પીછો કરતા, મારા કામના સ્થળે, કેન્ટીનમાં અને અન્ય સ્થળોએથી મને શોધી કાઢતા. તેઓ મને પ્રેમથી સલાહ આપતા અને ચર્ચની સેવાઓમાં વિશ્વાસપૂર્વક હાજરી આપવા અને ચર્ચની દરેક પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લેવાનું મહત્વ અને આશીર્વાદ વિશે શીખવતા હતા.

મને ખરા આત્મિક માર્ગ પર રહેવા માટે તેઓએ સ્વેચ્છાએ તેમના સમય, નાણાં અને શક્તિ ખર્ચી નાખ્યા હતા. હું વિશ્વાસપૂર્વક સાક્ષી આપી શકું છું કે મારા આત્મિક જીવનને ઘડવામાં તેમના શ્રમ અને સમર્પણની મહત્વપૂર્ણ ભૂમિકા હતી. જો કે તેઓ અમુક બાબતોમાં કડક હોવા છતાં, તેઓ ધીરજવાન, દયાળુ અને મારા જેવા જુવાન વિશ્વાસીઓને શિસ્ત આપવા માટે ઉંડાણપૂર્વક પ્રતિબદ્ધ હતા.

પાછળથી, જ્યારે ઈશ્વરે કૃપાળુ રીતે ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીઓને આશીર્વાદિત કરી હતી, ત્યારે આ માણસોએ તેમનો પિતા જેવો મદદનો પ્રેમાળ હાથ લંબાવ્યો હતો. તેઓ પ્રચાર અને ખાસ સભાઓ દ્વારા અમારા ચર્ચોમાં નિયમિતપણે સેવા આપતા હતા. હું નિશ્ચિતપણે માનું છું કે તેઓએ માત્ર મારા જીવનમાં જ નહિ, પણ હજારો સ્ત્રી-પુરુષોના જીવનોમાં પણ કાયમી અસર કરી છે.

જેઓ તેમના માર્ગદર્શન હેઠળ ઘડાયા હતા અને માર્ગદર્શન પામ્યા હતા તેઓને ચર્ચને અને તેના પાળક બંને માટે જવાબદાર રહેવાની તાલીમ આપવામાં આવી હતી. તેઓએ વ્યક્તિગત ઓળખ માટે નહિ પણ ફક્ત ઈશ્વરના જ મહિમા માટે કામ કર્યું હતું. આવો ઈશ્વર



તેમની યાદોને અને તેમના વંશજોને પુષ્કળ આશીર્વાદિત કરો.

આજની મંડળીઓમાં ઈશ્વર ફરી એકવાર આવા અત્યંત સમર્પિત, નિઃસ્વાર્થ અને વિશ્વાસુ પુરુષો અને સ્ત્રીઓને ઉભા કરે એવી મારી અંતઃકરણની આજીજીભરેલી પ્રાર્થના છે.

******************

(પાન ૬ થી આગળ...)

– **"બળવાન તથા હિમ્મતવાન થા; કેમ કે તારો ઈશ્વર યહોવા પ્રભુ તારી સાથે છે."** (યહોશુઆ ૧:૯).

- આ જ ખાતરી યશાયા ૪૧:૧૦માં આપવામાં આવી છે – **"બીશ મા, કેમ કે હું તારી સાથે છું, મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે."**

જ્યારે આપણે સરખામણી કરીએ છીએ, ત્યારે નિરાશા અને ભય સાથે સાથે



*મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે.*

આવશે. આપણે બીજાઓ સાથે આપણી સરખામણી કરવાનું બંધ કરવું જ જોઈએ. આપણી પાસે આકાશમાંનું તેડું છે.

## ૨. બાહ્ય રીતે સામનો કરવામાં આવેલા પડકારો!

આંતરિક સંઘર્ષોનો સામનો કર્યા પછી, ઈસ્રાએલીઓએ તેમના સ્થાનિક સત્તાવાળાઓ તરફથી બાહ્ય વિરોધનો સામનો કરવો પડ્યો હતો:

આ મંદિર બાંધવાની તથા આ કોટ પૂરો કરવાની આજ્ઞા તમને કોણે આપી હતી?

વિરોધનો અર્થ એ નથી કે ઈશ્વરે આપણને છોડી દીધા છે. જ્યારે ઈશ્વર આપણા વતી ખરેખર કામ કરે છે અને જ્યારે કંઈક તેમની ઈચ્છા સાથે સંરેખિત નથી ત્યારે તે ઓળખવા માટે આપણને આત્મિક સમજશક્તિની જરૂર છે. ઈશ્વર તેમના રાજ્યની પ્રગતિ માટે આપણે સામનો કરતા દરેક વિરોધનો ઉપયોગ કરી શકે છે, ખાસ કરીને જ્યારે આપણે તેમની ઈચ્છા પ્રમાણે આજ્ઞાપાલનમાં ચાલી રહ્યા છીએ ત્યારે.

- દાઉદે ગોલ્યાથનો સામનો કર્યો હતો.
- નહેમ્યાએ સાન્બાલ્લાટ અને ટોબિયાનો સામનો કર્યો હતો.
- પાઉલને યહૂદી વિરોધીઓ તરફથી સતાવણીનો સામનો કરવો પડ્યો હતો.
- શરૂઆતના ખ્રિસ્તીઓને દરેક જગ્યાએ વિરોધનો સામનો કરવો પડ્યો હતો.
- તેમ છતાં, આ બધી પરિસ્થિતિઓમાં, ઈશ્વરના નામનો મહિમા થયો હતો.

તેવી જ રીતે, આ અધ્યાયમાં, આપણે વિરોધ ઊભો થતો જોઈએ છીએ. ખંડેર થઈ ગયેલા મંદિરનું પુનઃબાંધકામ કરવા માટે લોકોએ તેમની નોકરીઓ, તેમના પરિવારો અને તેમના આરામદાયક જીવનો છોડી દીધા હતા. તેઓએ મોટા બલિદાનો આપ્યાં હતાં. તેમ છતાં, પ્રશંસા મેળવવાને બદલે, તેઓને ટીકાઓ મળી હતી – પ્રોત્સાહનને બદલે ફરિયાદના પત્રો, અને તેમના કામને સતત પડકારવામાં આવ્યું હતું.

લોકો પાસેથી ઓળખની અપેક્ષા રાખશો નહિ; ઈશ્વર પોતે આપણને બદલો આપનાર છે. તેમની ઈચ્છાને વિશ્વાસપૂર્વક રહેવાનું ચાલુ રાખો.

વહાલા મિત્રો, જ્યારે તમે વિરોધનો સામનો કરો છો, ત્યારે ગભરાશો નહિ. **"પણ યહૂદીઓના વડીલો પર તેમના ઈશ્વરની કૃપાદ્રષ્ટિ હતી."** આપણા પ્રભુની કૃપાદ્રષ્ટિ આજે પણ આપણા પર છે. આ તમારા માટે એક વચન હોઈ શકે છેઃ તમારી વિરુદ્ધ શસ્ત્રો ઘડવામાં આવી શકે છે, પણ તેઓ સફળ થશે નહિ. આક્ષેપો થઈ શકે છે, પણ તેઓ ટકી શકી રહેશે નહિ.

**ઈશ્વરે શું કર્યું હતું?**

**જ્યારે તેઓ યુદ્ધ કરે છે, ત્યારે તેઓ આકાશોને તથા પૃથ્વીને હલાવી નાખશે.** (હાગ્ગાય ૨:૨૧). તેઓ સૃષ્ટિની સર્વ બાબતોને આપણી તરફેણમાં કામ કરવા માટેનું કારણ બનશે.

જ્યારે બધું જ તેમની વિરુદ્ધ લાગતું હતું, ત્યારે આપણે એઝરા ૬:૧૨માં વાંચીએ છીએઃ **"હું, દાર્યાવશ, આ હુકમ કરું છું; તેનો બનતી તાકીદે અમલ કરવો."**

જે રાજાને તેમની વિરુદ્ધ ફરિયાદો મળી હતી તે જ રાજાએ હવે એક હુકમનામું બહાર પાડ્યું હતું કે કાર્યમાં દખલ કર્યા વિના તે પૂર્ણ કરવામાં આવે.

**તેણે સત્તાવાર રીતે પુનઃબાંધકામને સમર્થન આપ્યું હતુંઃ ઈશ્વરના એ મંદિરના કામને તમારે છોડવું નહિ.** (એઝરા ૬:૭).

**તેણે હુકમ કર્યો હતો કે આ યોજના માટે સંપૂર્ણ રીતે શાહી તિજોરીમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવે.** (એઝરા ૬:૮).

**તેણે સુનિશ્ચિત કર્યું કે દહનાર્પણ માટેની જરૂરી સર્વ સામગ્રી પ્રતિદિન પૂરી પાડવામાં આવે.** (એઝરા ૬:૯-૧૦).

**તેણે કામમાં અડચણ ઉભી કરવાનો પ્રયાસ કરનારાને આકરા દંડની ચેતવણી આપી હતી.** (એઝરા ૬:૧૧-૧૨).

દાર્યાવેશ રાજાનો પ્રતિભાવ માત્ર સહાયતા કરવાનો જ ન હતો – તે રક્ષણ પૂરું પાડનાર અને ઉદાર પણ હતો.

વિરોધ તરીકે જે શરૂ થયું તેણે આખરે પુનઃબાંધકામના પ્રયાસને લોકોની અપેક્ષા કરતાં વધુ મજબૂત બનાવ્યો હતો.

**જ્યારે ઈશ્વર તેમનો હેતુ જાહેર કરે છે** (હાગ્ગાય ૨),

**ત્યારે તેઓ તેને પરિપૂર્ણ કરવા માટે માનવીય પ્રણાલીઓને ફરીથી ગોઠવે છે.** (એઝરા ૬).

હું પ્રાર્થના કરું છું કે આ મહિનામાં, ઈશ્વર તમારી વિરુદ્ધ બોલાતા દરેક નકારાત્મક શબ્દોને રદ કરે અને નુકસાન પહોંચાડવાના હેતુથી બનેલી દરેક યોજનાને તમારી તરફેણમાં ફેરવી નાખે. જો તેઓ તેમના લોકોના જીવનોમાં તેમના હેતુને પરિપૂર્ણ કરવા માટે આખી તંત્ર રચનાની વ્યવસ્થાઓને ફરીથી ગોઠવી શકે છે, તો તેઓ ચોક્કસપણે આજે તમારા જીવનમાં તે જ કરી શકે છે. તેમની આંખો તમારા પર કૃપાદ્રષ્ટિથી તમને જોઈ રહી છે.

આપણે ફક્ત તેમનામાં ભરોસો રાખવાની જરૂર છે. વધસ્તંભ પર દર્શાવેલ તેમનો પ્રેમ અમાપ છે. ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા જેથી આપણે વિજયી રીતે જીવી શકીએ.

તેથી, સર્જનહારમાં તમારો ભરોસો મૂકો.

******************

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) – સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

ECHO OF HIS CALL

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત ઋતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th JULY 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**